# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-10-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## રાજ્ય-ગાંધીનગર-મંત્રીમંડળ શપથવિધી:

**ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ગઈકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વના મંત્રીમંડળમાં સામેલ નાયબ મુખ્યમંત્રી અને મંત્રીઓની શપથવિધિ યોજાઈ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં હર્ષ સંઘવીએ નાયબ મુખ્યમંત્રી સહિત 21 મંત્રીએ પદ અને ગોપનીયતાના શપથ લીધા.**

**કૅબિનેટ મંત્રી કનુ દેસાઈ, ઋષિકેશ પટેલ અને કુંવરજી બાવળિયા અને રાજ્યકક્ષાના મંત્રી પરષોત્તમ સોલંકીને મંત્રીમંડળમાં યથાવત્ રખાયા છે. આ સાથે મુખ્યમંત્રી સાથે સરકારના મંત્રીઓની કુલ સંખ્યા 26 થઇ છે.**

---

## નવુ મંત્રીમંડળ-પ્રતિક્રિયા:

ગાંધીનગરમાં નવા મંત્રીમંડળની શપથવિધિમાં ઉપસ્થિત રહેલા કેન્દ્રિય જળશક્તિમંત્રી સી.આર.પાટિલે પ્રતિક્રિયા આપતાં કહ્યું, આ મંત્રીમંડળમાં યુવાનોને તેમજ મહિલાઓને સ્થાન અપાયું છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડાએ ગઈકાલે ગાંધીનગરમાં રાજ્ય સરકારના નવનિયુક્ત મંત્રીઓ સહિત મંત્રીમંડળ સાથે મુલાકાત કરી. આ પ્રસંગે પૂર્વ રાજ્યપાલ અને પૂર્વ પ્રદેશ અધ્યક્ષ વજુભાઈ વાળા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા.

---

## નવુ મંત્રી મંડળ ખાતા વહેંચણી:

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણ બાદ ગઈકાલે ગાંધીનગરમાં મુખ્ય મંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં નવા મંત્રીઓને ખાતાની વહેંચણી કરવામાં આવી. તમામ મંત્રીઓ આજે ધનતેરસના દિવસે પોતાનો પદભાર સંભાળે તેવી સંભાવના છે.

---

## કચ્છ-અંજાર-ત્રિકમભાઈ છાંગા:

ગુજરાત સરકારમાં મંત્રીમંડળમાં ફેરફાર બાદ અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ રાજ્યકક્ષાના મંત્રીપદે ગાંધીનગરમાં શથપ લીધા હતા. અંજારને પ્રતિનિધિત્વ મળતાં અંજાર શહેર અને તાલુકા ભાજપ દ્વારા ફટાકડા ફોડીને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે ગઈકાલે સાંજે અંજારમાં ગાંધી સર્કલ ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાને મંત્રીપદ મળવું એ અંજારની જનતા માટે ગૌરવની ક્ષણ હોવાનું અંજાર શહેર અને ભાજપના કાર્યકરોએ જણાવ્યું હતું. આ પ્રસંગે અંજાર તાલુકા ભાજપના પ્રમુખ બી. એન. આહીર, મહામંત્રી કાનજીભાઈ આહીર, ઉપપ્રમુખ ભુરાભાઈ છાંગા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## રાજ્ય-ધન્વતરિ પુજા:

રાજ્યના નાગરિકોના દિર્ઘાયુ માટે ડૉક્ટર સેલ દ્વારા તમામ જિલ્લા અને મહાનગરના કાર્યાલય ખાતે આજે ભગવાન ધન્વંતરિની પૂજા-અર્ચના કરાશે. ધન્વંતરિ જયંતી નિમિત્તે આયોજિત આ કાર્યક્રમ બપોરે ત્રણ-થી પાંચ વાગ્યા સુધી યોજાશે.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ ડૉક્ટર સેલના સંયોજક ડૉક્ટર ધર્મેન્દ્ર ગજ્જરે એક યાદીમાં જણાવ્યું કે, આ કાર્યક્રમમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સંગઠનના વિવિધ હોદ્દેદારો અને મહાનુભાવો ભગવાન ધન્વંતરિની પૂજા-અર્ચના કરશે.

---

## કચ્છ-પંચ પર્વ આંરભ:

આજે ધન તેરસનાં પર્વ સાથે દિવાળીનાં પંચ પર્વનો પ્રારંભ થયો છે. વહેલી સવારે દેવ મંદિરોમાં મંગળા આરતી સાથે પંચ પર્વના વધામણાં થયા છે. ભુજમાં સ્વામિનારાયણ આશાપુરા હાટકેશ્વર કલ્યાણેશ્વર વિગેરે મંદિરોમાં વહેલી સવાર થી મંગળા આરતીથી વાતાવરણ ગાજતું રહ્યું હતું.

આજે ધનતેરસ એટલે ધનવંતરી જયંતિનું પર્વ જિલ્લામાં એ નિમિતે ધનવંતરી પૂજનના કાર્યક્રમો યોજાશે. શાળા કોલેજો માં 21 દિવસના વેકેશનનો આરંભ થયો છે. તો સરકારી કર્મચારીઓ દિવાળી પર્વ સળંગ રીતે ઉજવી શકે તે હેતુ થી રાજ્યની સરકારી કચેરીઓમાં આઠ દિવસ રજા જાહેર થતા પર્વ ઉજવવાનો ઉત્સાહ બેવડાયો છે.

---

## હવામાન-રાજય:

હવામાન ખાતાએ આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. જ્યારે 20થી 22 તારીખ સુધી દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની શક્યતા હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

---

## હવામાન- કચ્છ:

દરમ્યાન કચ્છ જિલ્લામાં વાતાવરણમાં વિષમતાનું પ્રમાણ યથાવત રહ્યુ છે. ગઈકાલે રાજ્યના ગરમ તથા ઠંડા મથકોમાં કચ્છના કેન્દ્રોએ મોખરાનું સ્થાન મેળવ્યુ છે. 19.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કંડલા પોર્ટ સૌથી ગરમ મથક રહ્યુ હતું.

હવામાન વિભાહગે કચ્છ જિલ્લાના વાતાવરણાં આગામી 48 કલાકમાં મોટો ફેરફાર નહી થાય તેવી સંભાવના વ્યક્ત કરી છે. વિષમ હવામાનને ધ્યાને લેતા લોકોને ખાનપાનમાં કાળજી રાખવા તજજ્ઞો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

---

## <u>કચ્છ-રાપર-પોષણ સંગમ જાગૃતિ દિવસ:</u>

રાપર તાલુકામાં દરેક ગ્રામ પંચાયત અને નગરપાલિકા વિસ્તારમાં દરેક વોર્ડ દીઠ આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પોષણ સંગમ જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

-------------------------------------------------------------------------------------------